ISSN 0976 – 9609 V-Vidyanagar


વર્ષ: ૨૨ || અંક: ૧૨ || ડિસેમ્બર ૨૦૨૦ || સળંગ અંક : ૫૯૦

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)

DR. P. U. MORDHARA

P_UM 2020



कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**
**'વિ-વિદ્યાનગર' www.vvidyanagar.co.in પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**प्रभूतशालिप्रसवैश्चितानि मृगाङ्गनायूथविभूषितानि।**
**मनोहरक्रौञ्चनिनादितानि सीमान्तराण्युत्सुकयन्ति चेतः।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

❋

धानों की बहुत बालों से पूर्ण, मृगी-गणों के समुदाय से विभूषित, मनोहर क्रौञ्चपक्षियों के कलरवों से ध्वन्यमान सीमा-प्रदेश मन को पुलकित कर रहे हैं।

श्लोक-८, चतुर्थः सर्गः (हेमंतवर्णनम्) ऋतुसंहारे


॥ અતીતની અટારીએથી ॥ નેતૃત્વની વિશિષ્ટ શૈલી (મુલાકાત)
» **બકુલ ત્રિપાઠી, ડી. ડી. ત્રિપાઠી** ........ ૦૩

॥ પ્રાથમ્ય ॥ ખુશનુમા જીવનની સપ્તપદી
» **એસ.જી.પટેલ** ........ ૦૭

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
» **નરસિંહ મહેતા, મીરાં, કબીરજી, ગોરખનાથ** ........ ૧૦

॥ નવાં કાવ્યો ॥
» **આબિદ ભટ્ટ, પુષ્કરરાય જોષી, સાહિલ, ફિરોઝ હસ્નાણી** ........ ૧૧

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ) અપત્યપ્રેમ કે અપત્યનિષ્ઠા?
» **કાકા કાલેલકર** ........ ૧૨

॥ અભ્યાસ ॥ રવિન્દ્રનાથ ટાગોરનાં સાહિત્યમાંથી પ્રગટતું શૈક્ષણિક દર્શન
» **ભાવેશકુમાર કાન્તિલાલ માહ્યાવંશી** ........ ૧૪

॥ લઘુકથા ॥ ફૂલોનો હાર અને બુકે
» **ગિરિમા ઘારેખાન** ........ ૧૭

॥ વાર્તા ॥ બે ઘડી શિલાલેખમાં
» **હસમુખ કે. રાવલ** ........ ૧૮

॥ નોબેલ વિશેષ ॥
» **ભૌતિક શાસ્ત્ર-Dr. Pankaj Joshi** ........ ૨૦
» **રસાયણ વિજ્ઞાન-Kundankumar Mishra** ........ ૨૩
» **ચિકિત્સા-પૃથા મનોજ સોની** ........ ૨૭
» **અર્થશાસ્ત્ર-જોન પરમાર[1], પરેશકુમાર મોરધરા[2]** ........ ૨૯
» **શાંતિ પુરસ્કાર-વિનયકુમાર પંડ્યા** ........ ૩૧
» **સાહિત્ય-શેમલ મેવાડા** ........ ૩૫

॥ સરદાર ॥ વિરલ વિભૂતિ સરદાર
» **રમા પમાર** ........ ૩૬

॥ આયુર્વેદ ॥ Rationale and understanding of National clinical management protocol....
» **Swagata Dilip Tavhare** ........ ૩૮

॥ અનુવાદ ॥ સેવીલનો સંગીતકાર
» **હરિત પંડ્યા** ........ ૪૪

॥ સંસ્થા પરિચય ॥ Ashok & Rita Patel Institute of Integrated Study & Research in Biotechnology & Allied Sciences (ARIBAS)
» **Dr. Bhakti Bajpai** ........ ૪૭

॥ રમત-જગત ॥ અકલ્પનીય ઑલિમ્પિક ખેલાડીઃ વાલ્ટ ડેનિસ
» **પી.ડી.શર્મા** ........ ૫૦

॥ વિદ્યાવૃત્ત ॥
» ૧૭, ૩૪, ૪૩

## હરાજીના સિદ્ધાંતમાં સુધારો અને હરાજી માટેનું નવું માળખું

જોન પરમાર[૧], પરેશકુમાર મોરધરા[૨]

હરાજીના સિદ્ધાંતમાં સુધારો તેમજ હરાજી માટે નવું માળખું વિકસાવવા બદલ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના સ્કોલર સર્વશ્રી પ્રો.પોલ મિલગ્રમ અને પ્રો. રોબર્ટ વિલસનને અર્થશાસ્ત્રમાં નોબેલ પારિતોષિક (૨૦૨૦) એનાયત કરવામાં આવેલ છે.

તેઓએ હરાજીની પ્રક્રિયામાં બોલી લગાવનાર લોકોની અટકળો અંગેની સંભાવનાઓ તેમજ વિવિધ પ્રકારની માહિતી હોય તેવા સંજોગોમાં તેઓની વર્તણૂકનો અભ્યાસ કરેલ છે.

નવા હરાજી બંધારણો એ એક સુંદર ઉદાહરણ છે કે જે મૂળ સંશોધનને આધારે કેવા આવિષ્કારો સર્જી શકાય કે જેનાથી સમાજના મહત્તમ કલ્યાણમાં વધારો થઈ શકે. હરાજી અંગેના આ સંશોધનો ખરીદદાર, વેચનાર તેમજ સમગ્ર સમાજ માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ રહેલ છે. તેઓએ સંશોધન ક્ષેત્રના વિશ્લેષણાત્મક પાયાને વધુ વિસ્તૃત કરેલ છે તેમજ મૂળભૂત સૈદ્ધાંતિક પ્રશ્નોના જવાબ આપે છે. આ ઉપરાંત તેઓની આંતરદૃષ્ટિને પરિણામે વાસ્તવિક બજારોમાં થતી મહત્ત્વપૂર્ણ હરાજીને તેઓએ નવા સ્વરૂપમાં રજૂ કરી છે. તેઓની આંતરદૃષ્ટિ ફક્ત વેચાણકર્તાને વધુમાં વધુ આવક અથવા ખરીદનારને ઓછામાં ઓછી કિંમત જ નહીં પરંતુ તેઓને સૌથી યોગ્ય ખરીદનાર તથા વેચનારની સુવિધા પૂરી પાડે છે. આ રીતે હરાજીનો સિદ્ધાંત વિશ્વભરના નિયમનકારો તથા સરકારોને તેમની પ્રવૃત્તિઓમાં મદદરૂપ થઈને શ્રેષ્ઠ અને સક્ષમ એજન્ટ દ્વારા કાર્યાન્વિત કરવાનું સૂચવે છે. હરાજીના સિદ્ધાંતમાં થયેલું સંશોધન આર્થિક વિજ્ઞાનના સંશોધનમાં થયેલ અવિરતતાનું ઉત્તમ ઉદાહરણ છે.

હરાજી મુખ્યત્વે બે બાબતોના સંદર્ભમાં અલગ હોય છે. પ્રથમ ફોર્મેટ અને બીજું માહિતી ફોર્મેટમાં ભાવો કેવી રીતે જાહેર થાય છે, બિડ કેવી રીતે ભરવું, હરાજી કેવી રીતે બંધ થાય છે તેમજ વિજેતા કેવી રીતે પસંદ કરવામાં આવે છે તે અંગેના નિયમો વગેરે માહિતીના સંદર્ભમાં હરાજીમાં મૂકવામાં આવેલ વસ્તુના મૂલ્ય અંગેની જાણકારી વગેરે. સામાન્ય રીતે મોટાભાગના કિસ્સામાં દરેક બોલી લગાવનાર વ્યક્તિ કે પેઢી પાસે કેટલીક માહિતી હોય છે. જેમાંની કેટલીક બાબત એવી છે જે બીજા બોલી લગાવનાર વ્યક્તિ કે પેઢી માટે અવલોકનક્ષમ નથી. આથી જ્યારે બીડ ભરવામાં આવે છે ત્યારે વસ્તુના ગુણધર્મની સાથે સાથે ઉપલબ્ધ માહિતીને આધારે વ્યક્તિગત મૂલ્યાંકન કરીને તેની કિંમત નક્કી કરતા હોય છે. આ બાબત તેને બિડરો કરતાં અલગ પાડે છે. આ ઉપરાંત હરાજીમાં ભાગ લેનારાઓ સામાન્ય રીતે જુદા જુદા ધ્યેયો તેમજ વ્યૂહરચના ધરાવે છે. આથી તેઓની વર્તણૂકને એકબીજાથી જુદી પાડીને સમજી શકાતી નથી. Yet, Auction are not zero-sum gains તેનાથી તદ્દન વિપરીત હરાજીના ફોર્મેટ અને માહિતીની ઉપલબ્ધિ દ્વારા હરાજી માટે મુકાયેલ વસ્તુને શક્ય તેટલી વધુ મૂલ્યવાળી બનાવવી જેથી ખરીદનાર તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે.

હરાજીની પ્રક્રિયામાં શરૂઆતમાં બધાના અંદાજો યોગ્ય માહિતીના અભાવે અલગ અલગ હોય જોવા મળે છે. પરંતુ અંતમાં તે સામાન્ય અર્થાત સરખા બનતા જાય છે.

વિલ્સનના મત મુજબ હરાજીમાં ભાગ લેનાર તમામ લોકો તેમજ પેઢીઓ માટે હરાજી માટે મૂકવામાં આવેલ વસ્તુનું મૂલ્ય એકસરખું જ હોય છે. પરંતુ તેઓની પાસે વસ્તુ અંગેની જે માહિતી હોય છે તેને પરિણામે તેઓએ અંદાજવામાં આવેલ કિંમત કે મૂલ્યમાં તફાવત ઊભો કરે છે. જોકે મોટા ભાગની વિશ્વની વાસ્તવિક હરાજીમાં વસ્તુના ખાનગી મૂલ્ય તેમજ સામાન્ય મૂલ્યના ઘટકોનો સમાવેશ થાય છે.

મિલગ્રમ એ વિલ્સનના પીએચ.ડી.ના વિદ્યાર્થી (૧૯૭૦) હતા. મિલિગ્રમે અગાઉ થયેલ હરાજી અંગેના પરિણામોનું સંપૂર્ણ વિશ્લેષણ કરીને સંશોધનના સ્વરૂપમાં સામાન્ય બનાવ્યા. મિલગ્રમનું સંપૂર્ણ વિશ્લેષણ એ દર્શાવે છે કે હરાજી માટે વસ્તુ ઉપલબ્ધ કરનારે સંભવિત બોલી બોલનારને વસ્તુ અંગેની સંપૂર્ણ તેમજ અધિકૃત માહિતી પૂરી પાડવી જોઈએ અને જો આમ કરવામાં આવે તો વસ્તુની વધુ કિંમત મેળવી શકાય છે. આ ઉપરાંત તેમણે હરાજીના જુદા જુદા ફોર્મેટને અપેક્ષિત આવકના સંદર્ભે ક્રમાંકિત કરવામાં સફળતા મેળવી છે.

તેઓ દ્વારા વાયરલેસ ટેલિકોમ કંપનીઓની રેડીયો સ્પેક્ટ્રમ વેચવા માટે ઉપયોગમાં લેવાયેલ હરાજીના ફોર્મેટની તેમજ માહિતીની ઉપલબ્ધિ અંગે કાર્ય કરેલ જેને કારણે સરકારને મફતમાં ઉપલબ્ધ થયેલ સ્પેક્ટ્રમનાં વેચાણ

દ્વારા ૧૨૦ અબજ ડોલર જેટલી આવક થવા પામી હતી.

હરાજી દરેક જગ્યાએ થતી હોય છે, તેમજ આપણા રોજબરોજના જીવનને અસર કરે છે. આથી મિલગ્રામ અને વિલસનનું કાર્ય વિશ્વભરનાં વેચાણકર્તા, ખરીદદારો તેમજ કરદાતાઓને માટે લાભદાયક રહેશે.

૧૯૯૦ ના સમયગાળા દરમિયાન હરાજીની સમગ્ર પ્રક્રિયા માત્ર એક વસ્તુને લક્ષમાં રાખીને હાથ ધરવામાં આવતી હતી. પરંતુ ત્યાર પછી એક વસ્તુને બાબતને લક્ષમાં રાખવાને બદલે બહુવિધ બાબતને લક્ષમાં રાખીને હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

જ્યારે હરાજીની રકમ ખૂબ જ મોટી હોય ત્યારે થોડી ઘણી કાર્યક્ષમતામાં પણ કરોડો રૂપિયાનો લાભ કંપની, ગ્રાહક અને કરદાતાને કરી આપે છે. રેડિયો સ્પેક્ટ્રમ, બહુવિધ હેતુલક્ષી વસ્તુ, વીજળીની હરાજી, ખનીજ તત્ત્વો વગેરેની યોગ્ય હરાજી થાય તો સમાજને માટે તે ખૂબ જ ફાયદાકારક છે. હરાજીની પ્રક્રિયા સાથે સંકળાયેલ મહત્ત્વની બાબતો તેમજ એકબીજા ઉપરના આધારિતપણાનો અભ્યાસ કરીને પ્રો.પોલ મિલગ્રમ અને પ્રો. રોબર્ટ વિલસને નવા હરાજીના બંધારણો તૈયાર કર્યા છે જે સમગ્રપણે સમાજના કલ્યાણમાં વધારો કરવામાં મદદરૂપ થઈ રહ્યા છે.

- હરાજીના સિદ્ધાંતના ઘણા પ્રશ્નો તેની સાથે સંકળાયેલ માહિતીની આસપાસ ફરે છે. શું બોલી લગાવનારાઓને ખબર હોય છે કે હરીફો શું બોલી લગાવી રહ્યા છે? શું બધા હરાજી કરવામાં આવતી વસ્તુ પર સમાન મૂલ્ય મૂકે છે?
- હરાજીમાં ભાગ લેનારાઓના વર્તન અંગેના તેમના મૂળ સંશોધનની સાથે સાથે વધુ સારી હરાજીની રચના કરવા માટેના તારણોને પણ માન્યતા મળી છે.
- હરાજીનો ઉપયોગ હવે ઇન્ટરનેટ જાહેરાત, જથ્થાબંધ ખરીદવેચાણ, ફિશિંગ પરમિટ, કાર્બન પ્રદૂષણ ક્રેડીટ સહિત તમામ પ્રકારની વસ્તુઓમાં કરવામાં આવે છે.
- જ્યારે સંભવિત ખરીદદારો હરાજી દ્વારા વસ્તુ કે સેવા ખરીદવાની હરીફાઈ કરે છે, ત્યારે તે વસ્તુ કે સેવાને શ્રેષ્ઠ મૂલ્ય આપે છે. સાથે સાથે તે વેચાણકર્તાઓને ખરીદદારો શોધવામાં મદદ કરે છે
- સૌથી વધુ બોલી લગાવનારને વસ્તુ કે સેવાનું વેચાણ કરવાથી વેચનારને તેની આવક મહત્તમ કરવામાં મદદ મળે છે. આથી ખરીદનાર તથા વેચનાર બંનેને લાભ થાય છે.
- બજારલક્ષી અર્થતંત્રમાં દુર્લભ સંસાધનોની યોગ્ય ફાળવણીના કેન્દ્રમાં હરાજી રહેલ છે.
- મિલગ્રમ અને વિલસનના યોગદાનથી સરકારી તેમજ ખાનગી કંપનીઓને તેમની વસ્તુ કે સેવાની હરાજીની રચના વધુ સારી રીતે કરવામાં મદદ મળી છે.
- દુર્લભ સંસાધનોની વધુ સારી ફાળવણી કરવામાં મદદ મળી છે અને વિક્રેતાઓને જટિલ ચીજવસ્તુ અને સેવાનાં ઉત્પાદન માટે વધુ પ્રોત્સાહનોની ઓફર કરવામાં આવે છે.
- આમ તો હરાજી એક સારા કારણોસર સમાજ દ્વારા દુર્લભ સંસાધનોની ફાળવણી કરવા માટે હજારો વર્ષથી ઉપયોગમાં લેવાતું સામાન્ય સાધન છે, જેને મિલગ્રમ અને વિલસને હરાજીને વધુ વિશ્લેષણાત્મક પારદર્શક બનાવીને હરાજી અંગેનું નવું ફોર્મેટ બનાવી લોકોની સુખાકારીમાં વધારો કરવાનું કાર્ય સંપન્ન કરેલ છે.


૧. એસોસિએટ પ્રોફેસર, બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય વલ્લભ વિદ્યાનગર.

૨. આસિસ્ટન્ટ પ્રોફેસર, બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય વલ્લભ વિદ્યાનગર.

BOOK POST

December 2020

V-Vidyanagar 22 (12)
Published on 05.12.2020
No. of Pages 56 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

PUM 2020

## Established: 11 December 1946;

### (as United Nations International Children's Emergency Fund)

United Nations agency responsible for providing humanitarian and developmental aid to children worldwide. The agency is among the most widespread and recognizable social welfare organizations in the world, with a presence in 192 countries and territories

પરેશકુમાર મોરધરા
આસિસ્ટન્ટ પ્રોફેસર,
બી જે વાણિજ્ય મહાવિદ્યાલય,
વલ્લભ વિદ્યાનગર - 388120




Editor: Dr. Urvish Chhaya

If undelivered, return to
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )

Printed at Lajja Communications, Vidyanagar.388 120